ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૧ ટકા

ગાંધીનગર **તાપમાન**

# સિવિલમાં નોન-કોવિડ સારવાર શરૂ થશે

ગાંધીનગર, તા.૨૨

સમગ્ર ગુજરાતમાં કોરોના પાર્ટ-૨ થી હાહાકાર મચી ગયો હતો. કોરોના પોઝીટીવ દર્દીઓથી ખાનગી તેમજ સરકારી હોસ્પિટલ ઉભરાતી હતી. દર્દીઓ સારવાર લેવા માટે લાંબી લાઈનોમાં ઉભા રહ્યા હતા. જયારે કેટલાક દર્દીઓએ હોસ્પિટલના આંગણે દમ તોડ્યો હોય તેવા કિસ્સા છે ત્યારે ગાંધીનગર સિવિલમાં પણ ઓકિસજન બેડ હાઉસફુલ થઈ ગયા હતા. ઓકિસજન માટે દર્દીઓને વલખા મારવા પડ્યા હતા. ત્યારે હવે કોરોના સંક્રમણ ઘટતા સિવિલમાં પણ દર્દીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે. હાલ સિવિલમાં ૨૩૦ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે. ત્યારે ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે ૮૫૦ બેડની ઓકિસજનની સુવિધાવાળી હોસ્પિટલ ગણતરીના દિવસોમાં ખુલ્લી મુકવામાં આવશે. કોરોનાગ્રસ્ત દર્દીઓને આરોગ્યલક્ષી મળતી સુવિધામાં વધારો થશે. ત્યારબાદ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નોન-કોવીડ વિભાગ કાર્યરત થશે. જેથી અન્ય દર્દીઓને પણ સમયસર સરળતાથી સારવાર મળી રહે તે માટે ખાસ આયોજન તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યું છે. જયારે ગાંધીનગર સિવિલમાં સારવાર લઈ રહેલા કોરોનાના દર્દીઓને મહાત્મા મંદિર ખાતે તૈયાર કરાયેલ હોસ્પિટલમાં ખસેડવામાં આવશે.જયારે કોલવડા ખાતેથી પણ દર્દીઓને ગાંધીનગર સિવિલ ખાતે લાવવાની હિલચાલ ચાલી રહી છે. કોલવડા કોવીડ કેર સેન્ટર બંધ કરીને રીઝર્વ હોસ્પિટલ તરીકે તેનો ઉપયોગ કરાશે. સિવિલ તંત્રને ઉચ્ચકક્ષાએથી આદેશ મળતા ગાંધીનગર હોસ્પિટલમાં ટુંક સમયમાં વિવિધ વિભાગો શરૂ કરવામાં આવશે.

# સૂર્યકિરણથી ભગવાન મહાવીર સ્વામીના લલાટે ભાલતિલક દૈદીપ્યમાન થયું

## કોબા જૈન તિર્થ ખાતે બપોરે બરાબર ૨.૦૭ કલાકે સર્જાઇ અલૌકિક દિવ્ય ઘટના : કોરોના મહામારીના પગલે સતત બીજા વર્ષે દર્શનાર્થીઓએ ઓનલાઈન દર્શનથી સંતોષ માનવો પડ્યો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના કોબા ખાતે સુપ્રસિદ્ધ જૈન તિર્થ ખાતે આજે બપોરે ભગવાન મહાવીર સ્વામીના ભાલે સૂર્યતિલકનું અલૌકિક દ્રશ્ય સર્જાયું હતું જેને અસંખ્ય દર્શનાર્થીઓ યુ-ટ્યુબના માધ્યમથી નિહાળી ગદગદિત થયાં હતા. દર વર્ષે અહીં શિલ્પ-ગણિત અને જ્યોતિષ શાસ્ત્રના સમન્વયથી સર્જાતી અદભૂત ઘટનાને નિહાળવા આમ દેશભરમાંથી દર્શનાર્થીઓ આવતા હોય છે પરંતુ પ્રવર્તમાન સ્થિતિને પગલે સતત બીજા વર્ષે સોશિયલ મીડિયાના માધ્યમથી જ આ દર્શન-લાભ મેળવવાનો દર્શનાર્થીઓએ સંતોષ માનવો પડ્યો હતો.

આ વર્ષે સર્જાયેલી તાઉ તે વાવાઝોડાની સ્થિતિના કારણે ભાલતિલકની આ અચરજભરી ઘટના સર્જાશે કે વાદળોનું વિધ્ન આડું આવશે તેવી શંકા હતી પરંતુ આજે પણ બપોરે બરાબર ૨.૦૭ મિનિટે મહાવીરાલય જિનપ્રસાદના શિખરમાંથી સૂર્યકિરણ તીર્થના મૂળનાયક મહાવીર સ્વામી ભગવાનના લલાટ પર દૈદીપ્યમાન થયું હતુ. જૈન મુનિ ગચ્છાધિરાજ આચાર્યદેવ કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજના કાળધર્મ દિવસની પુણ્યસ્મૃતિમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ યોજાયેલા અલૌકિક પ્રસંગે રાષ્ટ્રસંત જૈનાચાર્ય પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા. સહિત અન્ય સાધુ-સાધ્વીજી વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રારંભથી સૂર્ય તિલકની ઘટનાને હજી સુધી જિનાલય પર વાદળ છવાવાની સ્થિતિ કે કોઈપણ કુદરતી આપત્તિ પણ મહાવીર ભગાવનની પ્રતિમાના લલાટે સૂર્ય તિલક સર્જાતા રોકી શકી નથી.



## સે-૨૨ શ્વેતાંબર જૈન મંદિર ખાતે ધ્વજારોહણ યોજાયું



ગાંધીનગરના સેકટર-૨૨માં શ્વેતાંબર જૈન મંદિર ખાતે તા.૨૧ મે શુક્રવારે વૈશાખ સુદ નોમના શુભ દિવસે સાલગીરી નિમિત્તે ધ્વજારોહણ યોજાયું હતું. સવારે સ્નાત્ર પૂજા બાદ યોજાયેલા ધ્વજારોહણમાં વર્તમાન પરિસ્થિતિ અને કોરોના મહામારીને ધ્યાને લઇ લાભાર્થી પરિવાર સિવાય કોઈ પણ સભ્યએ આવવાનો આગ્રહ નહિ રાખવામાં આવ્યો હતો.

## સંગીની ફોરમની ઓનલાઇન યોગ શિબિરનો પ્રારંભ

જૈન સોશિયલ ગૃપના સંગીની ફોરમ દ્વારા તેમના સભ્યો માટે ૧૫ દિવસની ઓનલાઇન મિટિંગના માધ્યમથી પ્રમુખ ભાવિના શાહ અને તેમની ટીમ દ્વારા યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૯મી મેથી શરૂ થયેલી આ શિબિર તા.૨જી જુન સુધી દરરોજ સવારે ૫.૪૫ થી ૬.૪૫ દરમ્યાન યોજવામાં આવે છે. યોગ શિબિરના પ્રથમ દિવસના પ્રોગ્રામનું સંચાલન મંત્રી સોનલબેન શાહે કર્યુ હતુ. આ પ્રસંગે સ્થાપક પ્રમુખ નીતીકાબેન શાહ અને પૂર્વ પ્રમુખ જાગૃતિબેન સંઘવીએ પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતુ. યોગ શિબિરમાં ફોરમની ૩૫ જેટલી મહિલા શભ્યો ઓનલાઇન જોડાઈ તેમાં ઉત્સાહભેર ભાગ લઈ રહી છે.

# પિતાએ દિકરીના લગ્નનો સોદો ૨ લાખમાં કર્યો

## દારૂની ટેવવાળો પિતા અને ઘરમાં પૈસાની તંગી હોવાથી કાકાએ દિકરીની જવાબદારી સંભાળી

ગાંધીનગર, તા.૨૨

રાજયના શિક્ષિત પાટનગરને પણ શરમાવે તેવો કિસ્સો આજે શહેરમાં સામે આવ્યો છે. પિતાએ પોતાની ૧૮ વર્ષની દિકરીના લગ્નના બહાને રૂ.૨ લાખમાં સોદો કર્યો હોવાનો બનાવ બન્યો છે. ત્યારે દિકરીએ લગ્નનો વિરોધ દર્શાવતા રાક્ષસ સમા પિતાએ વિધિ કરવાનું કહીને મંદિરમાં ભુવા પાસે લઈ ગયા હતા. જયાં તેણીને કેફી પદાર્થ પિવડાવી કોટડીમાં પુરી રાખી પિતા-પુત્રીના પવિત્ર સંબંધને લજવી માર્યો હતો.

સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૨૧ પોલીસ મથકના વિસ્તારમાં રહેતા એક પરિવારમાં ૧૭ વર્ષ અગાઉ એક દિકરીનો જન્મ થયો હતો. પરંતુ પરિવારનો મોભી દારૂની ટેવ ધરાવતો હોવાથી ઘરમાં પૈસાની તાણ રહેતી હતી. જેને પગલે દિકરીને તેના કાકા સાથે લઈ ગયા હતા. કાકાએ તમામ જવાબદારીઓ ઉપાડી હતી અને દિકરીને કોઈ વાતની કમી રહી ન જાય તેનું ધ્યાન રાખ્યું હતું. પરંતુ કોરોનાની મહામારીમાં રોજગાર વેપાર પડી ભાંગતા કાકાને કામઅર્થે બહાર જવાનું થયું હતું. જેથી કાકા દિકરીને ગાંધીનગર ખાતે તેના માતા-પિતા પાસે મુકી ગયા હતા. દિકરી પણ ૧૮ વર્ષની થઈ ગઈ હતી. દારૂ પીવાની ટેવ ધરાવતા પિતાને ભરણ-પોષણની જવાબદારી તો હતી નહી. પરંતુ યુવાન દિકરીને જોઈને રૂપીયા કમાવવાનો કારસો ઘડી કાઢ્યો હતો. પિતાએ દિકરીના અન્ય જ્ઞાતિના યુવક સાથે રૂ. ૨ લાખમાં લગ્નનો સોદો કર્યો હતો. પિતાએ દિકરીના લગ્નની વાત ઘરમાં અન્ય પરિવારના સભ્યોને કરી હતી. ત્યારે ઘરના અન્ય સભ્યોને પિતા પોતાની જવાબદારી નિભાવી રહ્યા હોય તેમ લાગ્યુ હતું. જયારે દિકરીએ લગ્નની ઘસીને ના પાડી દીધી હતી અને આગળ અભ્યાસ કરવાનું કહ્યું હતું. જેને પગલે ઘરમાં માથાકુટ પણ થઈ હતી. દિકરીના લગ્ન માટે મંદિરમાં પિતાએ ગોઠવણ કરી દીધી હતી. જેને માટે મંદિરના વ્યકિતને પણ પિતાએ પૈસા આપી તૈયાર કરી દીધો હતો. માયાજાળમાં ફસાયેલી દિકરીએ લગ્ન અંગે સહમતિ દર્શાવતા પિતા તેને ઘરે લઈને આવ્યા હતા. ઘરે આવીને કાકાને ફોન કરીને તમામ હકીકતથી વાકેફ કર્યા હતા. જેને પગલે દિકરીના કાકાએ તેના પિતાને ફોન કરીને તે આવે પછી લગ્ન અંગે વિચારીએ તેમ જણાવ્યું હતું. પરંતુ પોતાનો ભાઈ આવશે તો સોદો કેન્સલ થશે તેવા ભયથી બીજા જ દિવસે લગ્નનું ગોઠવી દીધુ હતું. જેથી દિકરી ઘરમાં મોકો જોતા જ ઘરેથી ભાગી નીકળી હતી. ત્યારબાદ ૧૮૧ ને કોલ કરતા જ ટીમ તેની પાસે પહોંચી ગઈ હતી. જયારે હેલ્પ લાઈનની ટીમે તેના કાકાને સઘળી હકીકત જણાવી હતી. પરંતુ તે અન્ય રાજયમાં કામઅર્થે ગયા હોવાથી ત્રણ દિવસ જેટલો સમય આવતા થાય તેમ હોવાથી દિકરી મુંઝવણમાં મુકાઈ હતી. દિકરીએ તેના માતા-પિતા પાસે જવાની ના પાડતા તેને હાલ ગાંધીનગર નારી સંરક્ષણ ગૃહ ખાતે મોકલી આપી છે. દિકરી હાલમાં પણ તેના કાકા આવે તેની કાગડોળે રાહ જોઈ રહી છે.





ગાંધીનગરમાં કોરોનાની બીજી લહેરનો હાહાકાર ઘટયો છે અને ધીમે ધીમે પરિસ્થિતિ કાબુમાં આવી રહી છે. શહેરમાં વેસ્ટર્ન એગ્રીસીડસ દ્વારા પૂ. પ્રાગદાસબાપાના આશીર્વાદથી આયુર્વેદિક ઔષધિયુકત ઉકાળા વિતરણના સંકલ્પના ૪૪ દિવસ પૂર્ણ થયા છે જેના અનુસંધાને સે-૧ના મહાકાલેશ્વર મંદિરે શનિવારે ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરાયું હતું.

## કૂતરાઓના હુમલાથી ઘાયલ રાષ્ટ્રીય પક્ષી મોરને રેસ્કયુ કરાયો



ગાંધીનગર તાલુકાના મોટી આદરજ ગામે કૂતરાઓના હુમલાથી એમ મોરને પાંખમાં ખૂબ જ ઈજા પહોંચી હતી અને તે ઘાયલ અવસ્થામાં હોવાથી ચાલવા કે ઉડવામાં મુશ્કેલી અનુભવી રહ્યો હતો. આ સ્થિતિમાં સ્થાનિક ગ્રામવાસી વિષ્ણુજી ઠાકોરને ધ્યાને પડતા તેમણે તાત્કાલિક બચાવ અર્થે સોનીપુર ગામના જીવદયા પ્રેમી સામાજીક કાર્યકર્તા નરેશજી ઠાકોર અને નિકુલજી ઠાકોરનો સંપર્ક કરતાં તેઓએ આવીને મોરને રેસ્કયુ કરી તાત્કાલીક રૂપાલ ગામની જનની ગૌશાળા ખાતે પહોંચાડીને જરૂરી સારવાર અપાવી હતી.

# પરિવારોની સ્વસ્થતા-શાંતિ હેતુ સમદર્શન આશ્રમ દ્વારા શ્રીવિષ્ણુસહસ્ત્રનામ અર્ચનાનું ઑનલાઇન આયોજન

## ૨૩મી મે એ રવિવારે સાંજે ૫ થી ૭ લોકો ઘેર બેઠાં પૂજા-અર્ચનામાં જોડાઈ શકે છે

ગાંધીનગર, તા.૨૨

કોરોનાની મહામારીના આ કપરા કાળમાં અનેક પરિવારોએ સ્વજનો ગુમાવ્યાં છે. અનેક પરિવારોમાં પીડા અને દુ:ખનું વાતાવરણ છે. આવા સમયમાં પ્રભુપૂજા અને અર્ચના જ શક્તિ અને સ્વસ્થતા પ્રદાન કરી શકે છે.

કોરોનામાં જેમના નિધન થયાં છે એવા સ્વજનોની સદગતિ હેતુ, પરિવારો શાંતિ-સ્વસ્થતા પ્રાપ્ત કરે એ માટે અને વિશ્વકલ્યાણ અર્થે ગાંધીનગરના સમદર્શન આશ્રમ સેક્ટર-૧ દ્વારા શ્રીવિષ્ણુ સહસ્ત્રનામ અર્ચનાનું ઑનલાઈન આયોજન કરવામાં આવ્યું છે.

તારીખ ૨૩ મે, ૨૦૨૧ ને રવિવારે સાંજે ૫ થી ૭ દરમિયાન સમદર્શન આશ્રમ સેક્ટર-૧ માં ભગવાનની પૂજા અને સહસ્ત્રનામ અર્ચના કરાશે, જેનું સમદર્શન



આશ્રમની યુ-ટ્યૂબ ચેનલ પરથી જીવંત પ્રસારણ કરાશે. પરિવારો શાંતિ અને સ્વસ્થતા હેતુ પોતાના ઘેર ઈષ્ટદેવની છબી કે વિગ્રહની સન્મુખ બેસે, દીપ પ્રગટાવે અને તુલસી-પુષ્પ-અક્ષત સાથે ઘેર બેઠાં ઑનલાઈન શ્રીવિષ્ણુસહસ્ત્રનામ અર્ચનામાં સહભાગી થઈ શકે છે.

સમદર્શન આશ્રમના પરમ પૂજય ગુરુમા સમાનંદ સરસ્વતીજીએ સંપૂર્ણ વિશ્વ જલ્દીથી કોરોનાની મહામારીમાંથી મુક્ત થાય એવી શુભ ઈચ્છા વ્યક્ત કરતાં કહ્યું છે કે, ‘ સર્વે ભવન્તુ સુખિન:, સર્વે સંતુ નિરામયા: ની ભાવના સાથે ભગવાનના ચરણોમાં પ્રાર્થનાનો આ નમ્ર પ્રયાસ છે.’

શાંતિ અને સ્વસ્થતાના સ્થાપન હેતુ વધુને વધુ લોકો ઘેર બેઠાં શ્રી વિષ્ણુસહસ્ત્રનામ પૂજા અને અર્ચનામાં સહભાગી થાય એ માટે સમદર્શન ટ્રસ્ટ તરફથી જણાવવામાં આવ્યું છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સમર કેમ્પ ‘કલામૃતમ્ ૨૦૨૧’માં બીજા દિવસે ૫૫૦૦૦થી વધારે બાળકો જોડાયાં

ગાંધીનગર, તા.૨૨

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા આયોજિત પાંચ દિવસના ઑનલાઈન સમર કેમ્પના બીજા દિવસે રમકડાં સર્જનની પ્રવૃત્તિ થઈ હતી. આ કાર્યક્રમમાં ૬૯૦૦૦થી વધુ બાળકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. અંદાજે ૧૦૮૦૦૦ (એક લાખ આઠ હજાર)થી વધુ જીવંત પ્રશ્નોત્તરીના ઉત્તર આપવામાં આવ્યા હતા. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ દ્વારા બે સુંદર રમકડાંઓનું નિદર્શન કરાવવામાં આવ્યું તેમજ આત્મનિર્ભર બની ભારતના નવનિર્માણની વાત કરવામાં આવી હતી. આજની રમકડાં સર્જનની પ્રવૃત્તિના શુભાશિષ પાઠવી રમકડાંથી ગણિત, વિજ્ઞાન વગેરે શીખી શકાય છે તેવી પ્રેરણાદાયી વાત બાળકોને કરી હતી. યુનિવર્સિટીના ''ટોય ઈનોવેશન વિભાગ''ના આસિ. પ્રો. પંકજ ગોંડલિયા દ્વારા કાગળમાંથી ચશ્માં, ઘડિયાળ, ચાનો કપ



તેમજ પ્લાસ્ટિકની પોલિથીનમાંથી પેરાશુટ બનાવતા શીખવ્યું હતું. ટોય વિભાગના બીજા આસિ. પ્રો. હર્ષ રાજગોર દ્વારા લાકડાનાં વિવિધ રમકડાંઓનું નિદર્શન પણ કરાવવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમની શરૂઆત ''રમકડાં રમકડાં...રમતાં ગમતાં રમકડાં..'' નામના ગીતના વીડિયોથી કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાનિકેતન વિભાગના અધ્યક્ષ કુણાલ પંચાલે કર્યું હતું. રમકડાં સર્જનના આ કાર્યક્રમમાં ગુજરાતભરમાંથી ૫૫ હજારથી વધારે વિદ્યાર્થી ‘યુ-ટ્યૂબ’ અને ‘વંદે ગુજરાત’ ચેનલ ૧ના જીવંત પ્રસારણથી જોડાયા હતા. રમકડાં સર્જનની પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને સાચા અર્થમાં કોરોના અને ભણવાના ટેન્શનથી દૂર કરી દીધા હતા. ‘કલામૃતમ્ - ૨૦૨૧’નો આ સમર કેમ્પ આવનારા ત્રણ દિવસ સુધી હજુ ચાલવાનો છે. તેનું રજિસ્ટ્રેશન આ લિંક https://forms.gle/BuKE6nmn4rTZu1pa9 પર હજુ ચાલુ રાખવામાં આવ્યું છે. ગુજરાતભરના વિદ્યાર્થીઓ હવે પછીના ત્રણ દિવસના કાર્યક્રમમાં જુદી જુદી રમતો વિશે સર્જનાત્મક જ્ઞાન મેળવશે. સુંદર ચિત્ર બનાવતાં પણ શીખશે અને છેલ્લા દિવસે ગુજરાતના પ્રખ્યાત હાસ્ય-કલાકાર દ્વારા હાસ્ય-મસ્તીના કાર્યક્રમને માણશે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સાચા અર્થમાં ગુજરાતના પ્રત્યેક બાળકને જ્ઞાન સાથે ગમ્મતનું ભાથું પીરસી રહી છે, ત્યારે વધુમાં વધુ બાળકો આ ઑનલાઈન ‘કલામૃતમ્ - ૨૦૨૧’ દ્વારા પોતાના જીવનને આનંદ ઉત્સાહથી ભરી શકશે તેવું કુલપતિ હર્ષદભાઈ શાહે જણાવ્યું હતું.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. ચૌધરી મેનાબેન સેંધાભાઈ, ઉ.વ. ૭૨, મકાખાડ, માણસા
- સ્વ. સુથાર મોતીભાઈ ગિરધરભાઈ, ઉ.વ. ૭૫, સેકટર-૨૬
- સ્વ. આચાર્ય રમેશચંદ્ર અમૃતલાલ, ઉ.વ. ૭૪, સેકટર-૨૧
- સ્વ. શાહ નીકુંજભાઈ જીવણલાલ, ઉ.વ. ૬૮, પેથાપુર
- સ્વ. રાણા બાલકૃષ્ણ બુધાલાલ, ઉ.વ. ૮૦, સેકટર-૧૨
- સ્વ. પટેલ ગંગાબેન નાથાલાલ, ઉ.વ. ૫૭, વડાસ્વામી, કલોલ
- સ્વ. ઠાકોર લક્ષ્મણજી મંગાજી, ઉ.વ. ૭૩, અમીયાપુર
- સ્વ. પરમાર ડાહ્યાભાઈ કચરાભાઈ, ઉ.વ. ૫૫, કંબોસણી, સા.કાં.
- સ્વ. ઠાકોર બાલુબેન મંગાજી, ઉ.વ. ૬૦, જૂના બબલપુરા, દહેગામ
- સ્વ. પટેલ જયંતિભાઈ કિશોરભાઈ, ઉ.વ. ૬૫, કુડાસણ

● રૂદ્રભૂમિ ●

- સ્વ. કરુમાન પરમબીલ વિનીત અજયકુમાર, ઉ.વ.૩૩, સે-૩
- સ્વ. પટેલ કાન્તાબેન આત્મારામ, ઉ.વ. ૭૬, કુડાસણ
- સ્વ. પટેલ કાન્તીલાલ પ્રભુદાસ, ઉ.વ. ૭૧, રાયસણ
- સ્વ. સથવારા વિસ્મય રજનીકાન્ત, ઉ.વ. ૩૩, સેકટર-૪
- સ્વ. પટેલ લીલાબેન કસ્તુરભાઈ, ઉ.વ. ૫૫, સોનાસણ, પ્રાંતિજ
- સ્વ. વાઘેલા ભીખીબેન વિક્રમજી, ઉ.વ.૪૪, રાંદેસણ
- સ્વ. મહેતા વિનોદકુમાર રામનારાયણ, ઉ.વ. ૬૭, અડાલજ

# પીઆઈયુ ઈજનેરોની માંગણીઓ નહીં સતોષાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે

ગાંધીનગર, તા.૨૨

પીઆઈયુ ખાતે કાર્યરત ઈજનેરોના પગાર ખુબજ ન્યૂનતમ હોવા છતાં ઓગષ્ટ ૨૦૧૫ના સામાન્ય વધારા સિવાય છેલ્લા દસ વર્ષમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી અને તેમ છતાં અન્ય કોઈ લાભો પણ આપવામાં આવતા નથી જે અંગે અગાઉ પણ આવેદનપત્ર આપવામાં આવી ચુક્યાં છે પણ માગણીઓ અંગે આજદિન સુધી કોઈ હકારાત્મક ઉકેલ આવ્યો ના હોવાથી એસોસિએશન દ્વારા ફરી આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ. કોરોના મહામારીના સમયમાં ઘણા ઈજનેરો કોરોનાગ્રસ્ત પણ થઈ ચુક્યા છે, પોતાનો તેમજ પરિવારના સદસ્યોનો જીવ પણ ગુમાવી ચુક્યાછે. અમુક ઈજનેરો હાલની તારીખે કોરોનાગ્રસ્ત છે તેમજ આઈસીયુમાં પણ દાખલ છે છતાં પીઆઈયુ ખાતે કાર્યરત ઈજનેરો મહામારીના સંજોગોમાં આરોગ્ય સેવાઓ પર અચાનક વધી પડેલ કામગીરીના બોજાને વહન કરવા માટે દિવસ રાત પોતાના તથા પરિવારના આરોગ્યના જોખમે આરોગ્ય સેવાઓ અધ્યતન કરવાના મહાયજ્ઞમાં યોગદાન આપી રહ્યાં છે ત્યારે તેમની પડતર માંગણીઓ માટે માનવીય અભિગમ દાખવી તાત્કાલિક હકારાત્મક ઉકેલ લાવવા મુખ્યમંત્રી સહિતની ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવામાં આવી છે.

તેમની પડતર માંગણીઓમાં ત્રણ વર્ષથી વધુ સમયથી કાર્યરત ઈજનેરોની સેવા કાયમી કરી નિયમિત કર્મચારી તરીકેના લાભો આપવા, ઓગષ્ટ ૨૦૧૫ની અસરથી તાત્કાલિક સાતમા પગારપંચ મુજબ પગારધોરણ નક્કી કરી એરિયર્સ સહિત ચુકવણી કરવા તથા વાર્ષિક ઈજાફા અંગેની યોગ્ય નીતી નિર્ધારીત કરવા, મેડિકલ એલાઉન્સ, ટ્રાંન્સપોર્ટ એલાઉન્સ, એલટીસી, જુથવીમા, ગ્રેજ્યુઈટી, સીપીએફ વગેરે લાભો આપવા, ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ ગણી તે પ્રમાણે પ્રોત્સાહન રકમ આપવા, મરણોપરાંત સહાય, કોરોના વોરિયર્સ તરીકે અગ્રતાના ધોરણે સારવાર, આઉટ્સોર્સીગ તથા સ્વૈછીક નિવૃતી-વય નિવૃત કર્મીઓને પુન: નિયુક્તીની પ્રથા સદંતર બંધ કરી નિયમો અનુસાર બઢતી, ફરજ દરમ્યાન કાનુની રક્ષણ, છૂટા કરેલ ઈજનેરોને ફરજ પર પુન: હાજર કરવા વગેરેનો સમાવેશ થાય છે. આ સાથે જો આ માંગણીઓ અંગે દિન ૧૫માં સકારાત્મક ઉકેલ નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે વિરોધ પ્રદર્શન કરવામાં આવશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# બ્રહ્મસમાજના અગ્રણી રાકેશ પાઠક વર્લ્ડ બુક ઓફ રેકર્ડસ દ્વારા સન્માનિત

ગાંધીનગર, તા. ૨૨

કોવિડની મહામારી દરમ્યાન છેલ્લા એક વર્ષથી સતત સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા જરૂરિયાતમંદોની સહાય કરવા ઉપરાંત વિદેશ સ્થિત બિન નિવાસી ગુજરાતી પરિવારોને પણ સહયોગ પૂરો પાડવા બદલ વર્લ્ડ બ્રાહ્મણ ફેડરેશનના મહામંત્રી અને બ્રહ્મસમાજના જાણીતા અગ્રણી રાકેશ પાઠકના સક્રીય સેવાકીય યોગદાનની નોંધ લઈને વર્લ્ડ બુક ઓફ રેકર્ડસ (યુકે) દ્વારા સર્ટિફિકેટ ઓફ કમિટમેન્ટથી સન્માનિત કરવામાં આવ્યા છે. રાકેશ પાઠક હાલ અમદાવાદ સ્ટોક એક્સચેન્જના પીઆરઓ તરીકે ફરજ બજાવી રહ્યા છે.



## જન્મદિને વધામણી



જયપ્રભાબેન બિપીનભાઈ ભાવસાર
મો. ૯૭૨૩૬ ૭૧૦૨૨



નિસર્ગાબેન પી ત્રિવેદી
મો. ૯૯૯૮૧ ૯૦૯૯૮



લીરલબા જયેન્દ્રસિંહ વાઘેલા
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

## ખૂણેખાંચરેથી

● મહાત્મા મંદિર ખાતે નિર્માણ થયેલ કોવિડ હોસ્પિટલની વ્યવસ્થાને લઈ આજે મ્યુનિ. કમિશનરના અધ્યક્ષપદે સંબંધિત અધિકારીઓની બેઠક યોજાઈ હતી.

● ગાંધીનગર જિલ્લામાં કોવિડ વેક્સિનેશન અભિયાનની ધીમી કામગીરી ચાલી રહી છે તેમજ રજીસ્ટ્રેશન માટેનું કોવિન પોર્ટલ પાંચ મિનિટ જેટલા સમય માટે જ ઓપન થતુ હોવાની ફરિયાદો ઉઠી છે.

● સવારે ૯ થી ૩ દરમ્યાન દુકાનો ખુલ્લી રાખવાની સરકારની છુટછાટ સામે ગ્રામ્ય વિસ્તારમાં વિરોધ ઉઠવા પામ્યો છે. સવારે ખેતરમાં ખેતીના કામે જતાં લોકો સાંજે જ ખરીદી માટે બહાર નીકળતા હોય છે ત્યારે સરકારે આ દિશામાં વિચારવુ જોઈએ.

● ગ્રામીણ વિસ્તારોમાં શરૂ કરાયેલા આઈસોલેસન સેન્ટરો સંક્રમણ ઘટતાં ધીમી ગતિએ બંધ થઈ રહ્યા છે.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વેક્સિનેશન અભિયાનમાં ૧૪૧૪ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

● સચિવાલયના મહેસુલ વિભાગમાં વર્ષો સુધી ફરજો બજાવનાર પિનાકીનભાઈ બુચના ધર્મપત્ની ગં.સ્વ.કિશોરીબેનનું જૈફવયે દુ:ખદ અવસાન થયુ છે.

● શનિ-રવિની રજાનો માહોલ હોવાથી લોકોએ ઘરમાં જ રહી અને દિવસ પસાર કર્યો હતો. શહેરમાં ટ્રાફિક ભારણ પણ હળવુ રહ્યુ હતુ.

● માધ્યમિક શિક્ષણ બોર્ડની આજે મળેલ બેઠક અનિર્ણિત રહી હતી.